**C.C.No.** 108/2026.

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬. |
| નોંધ્યા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬. |
| ફેંસલ તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ . |
| વ્યતિત સમય | ૦૦વર્ષ,૦૧માસ, ૧૦ દિવસ. |

**વીંછિયાનાં મહે.શ્રી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**

**મુકામઃ વીંછિયા.**

**ફોજદારી કેસ નંબરઃ-૧૦૮/૨૦૨૬**
**આંકઃ-**

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |

**-- વિરૂદ્ધ --**

| | |
|---|---|
| **આરોપીઓ** | **કિશોરભાઇ આપાભાઇ ચોવસીયા**<br>ઉ.વ.૫૦, રહે.કોટડા જવાના રસ્તા સામે તા.વિંછીયા, જિ.રાજકોટ |

| |
|---|
| **ગુન્હો- ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ.** |

| | |
|---|---|
| **સરકાર પક્ષે** | સરકારી વકીલશ્રીઃ **શ્રીમતી કે.એમ.ચૌધરી** |
| **બચાવ પક્ષે** | વિદ્ધાન વકીલ શ્રીઃ **બી.આર.રાઠોડ** |

**//જજમેન્ટ//**

**કેસની ટૂંકી હકીકત :**

(૦૧)  **ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે,** આ કામના આરોપીએ તા. ૨૪/૦૧/૨૦૨૬ ના ૧૭.૪૦ વાગ્યે પોતાના "મોમાઈ માં" નામના ભંગારના ડેલા ખાતે સી.સી.ટી.વી. ન લગાવી જીલ્લા મેજી.સા. રાજકોટના જાહેરનામાનો ભંગ કરી મળી આવતાં ગુનો કરી આરોપી વિધ્ધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા હોય, પડેલ પુરાવાના આધારે ગુન્હો **બી.એન.એસ. કલમ-૨૨૩** હેઠળ તહોમતદાર વિરુદ્ધ ઈનસાફ થવા સારું હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**ન્યાયિક કાર્યવાહી:**

(૦૨)  આરોપી જામીન મુકત થયેલ હોય આરોપી સામે સમન્સ કાઢતા આરોપી ઠરાવ તારીખે વિ.વ.શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં **ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ-૨૩૦** અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક-૦૩ સુધીની આરોપીની ગુના સંબંધેની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુનાનો ઈનકાર કરતાં, આરોપી સામે ગુનાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૦૩)  આ કામના આરોપી સામેનો ગુનો પ્રસ્થાપિત કરવા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષે રજૂ કરેલ છે.

**ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક પુરાવા:**

| અ.નં. | પુરાવાનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧) | પંચ સાહેદ પ્રવિણભાઇ નારણભાઇ રાજપરાની જુબાની | ૦૫ |
| ૨) | ત.ક.અ.ટિંકલકુમારી શિંગાભાઇ વસાવાની જુબાની | ૦૭ |

**ફરિયાદ પક્ષે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા:**

| અ.નં. | પુરાવાનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧) | ફરિયાદ | ૦૯ |
| ૨) | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૦૬ |
| ૩) | ડેપ્યુટ હુકમ | ૦૮ |

**(૦૪)** આ કેસમાં મહત્ત્વના સાક્ષીઓ તપાસાયા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાનું જાહેર થયા બાદ આરોપીનું **ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૩૫૧** અન્વયે વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવી છોડી મુકવા રજૂઆત કરી છે. આરોપીઓએ બચાવનાં સાહેદો તપાસેલા નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી.

**(૦૫)** ત્યારબાદ સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

**(૦૬)** ઉપરોકત કેસની હકીકતો, સંજોગો અને રજૂ કરવામાં આવેલ પુરાવાઓ તેમજ વિ.વ.શ્રીઓ ની રજૂઆતો ધ્યાને લેતાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–// મુદ્દા //–**

**(૧)** શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૪/૦૧/૨૦૨૬ ના ૧૭.૪૦ વાગ્યે પોતાના "મોમાઇ માં" નામના ભંગારના ડેલા ખાતે સી.સી.ટી.વી. ન લગાવી જીલ્લા મેજી.સા. રાજકોટના જાહેરનામાનો ભંગ કરી મળી આવતાં **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૨૩** મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ?

**(૦૭)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧.  નકારમાં.

૨.  આખરી હુકમ મુજબ.

**-// કારણો //-**

**<u>મુદ્દા નં.૧:</u>**

(૦૮) ઉપરોક્ત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી હકીકતોનું પુનરાવર્તન અટકાવવા તેની એક સાથે ચર્ચા /પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે છે.

આ કામના આરોપી સામે **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૨૩** મુજબના ગુનાના આક્ષેપ છે.

**<u>ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ-૨૨૩ નીચે મુજબ છે.</u>**

જે કોઈ વ્યક્તિ, કોઈ હુકમ જાહેર કરવાની કાયદેસર સત્તા ધરાવતા રાજ્ય સેવકે જાહેર કરેલા હુકમથી પોતાને અમુક કૃત્ય કરતાં રોકવા માટે અથવા પોતાના કબજાની કે પોતાના વહીવટ નીચેની અમુક મિલકતની અમુક વ્યવસ્થા કરવા માટે આદેશ થયો હોવાનું જાણવા છતાં તે આદેશનું પાલન ન કરે તેને, જો એવી અવજ્ઞા, કાયદેસર રીતે કામે રાખેલી વ્યક્તિઓને અડચણ, ત્રાસ કે હાનિ ન પહોંચાડે અથવા પહોંચાડે તેમ હોય અથવા અડચણ, ત્રાસ કે હાનિનું જોખમ પેદા કરે તેમ હોય તો તેને એક મહિના સુધીની કેદની અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે. અને જો એવી અવજ્ઞા માનવ જીવન, તંદુરસ્તી કે સલામતીને ભયમાં મૂકે અથવા મૂકે તેમ હોય અથવા તેથી હુલ્લડ કે બખેડો થાય અથવા થાય તેમ હોય તો તેને છ મહિના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તો બન્ને શિક્ષા કરવામાં આવશે.

ઉપરોકત આવશ્યક તત્વો ધ્યાને રાખી સદર કામે આરોપીઓ વિરુધ્ધનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે છે.

(૯) **ફરિયાદપક્ષે પંચ સાહેદ પ્રવિણભાઈ નારણભાઈ રાજપરાનાઓને આંકઃ૦૫ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,** આજથી એકાદ મહીના પહેલા વીંછીયા પોલીસે અમોને વીંછીયા પો.સ્ટે. એ બોલાવેલ અને ત્યા એક લખેલા કાગળમા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલી.તે સીવાય હુ બીજુ કઈ જાણતો નથી. મને કોર્ટ રેકર્ડમાથી સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ બતાવવામા આવે છે.

જેમા મારી પંચ નં. ૨ તરીકે સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને પુરાવામા રજુ દાખલ **આંક ૦૬** આપવામા આવે છે.

**(૯.૧) સદર સાહેદ ફરીયાદપક્ષ ને સમર્થન કરતા ન હોય ત્યારબાદ વી.એ.પી.પી.શ્રીનાઓએ હાલના સાહેદને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ પણ કોઈ ફળદાયી હકીકત જણાઈ શકેલ નથી**

**(૯.૨) સદર સાહેદના આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકત જણાવે છે કે,** અમોએ તૈયાર પંચનામામા સહી કરેલીઈ એ વાત ખરી છે કે અમારી હાજરીમા પોલીસે કોઈ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૦) ફરિયાદપક્ષે ત.ક.અ.ટિંકલકુમારી શિંગાભાઈ વસાવાનાઓને આંકઃ૦૭ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,** તા. ૨૪/૦૧ /૨૬ ના રોજ અમો વિંછીયા પો.સ્ટે. મા એ.એસ.આઈ. તરીકે મારી ફરજ પર હતા ત્યારે વીંછીયા પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૬૯/૨૬ ના કામે બી.એન.એસ. કલમ–૨૨૩ મુજબની ફરીયાદ સાથેના પો. હેડ કોન્સ. ચંદુભાઈ કરશનભાઈ પલાળીયાનાઓએ આપેલી જે ફરીયાદ મુજબ તા. ૨૪/૦૧/૨૬ ના રોજ આ કામના આરોપીએ પોતાના મોમાઈ માં સ્ક્રેપ નામના ભંગારના ડેલા ખાતે સીસીટીવી ન લગાવી જીલ્લા મેજી. સાહેબશ્રી રાજકોટના જાહેરનામાનો ભંગ કરી મળી આવેલ જે બાબતની તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લીધેલ જે તપાસનો અસલ ડેપ્યુટ હુકમ હુ આજરોજ રજુ કરુ છુ જેને પુરાવામા રજુ દાખલ આંક ૦૮ આપવામા આવે છે. હાલના કામે અસલ ફરીયાદ આજરોજ રજુ કરુ છુ જેમા અમારા સાથી કર્મચારી ચંદુભાઈ કરશનભાઈ પલાળીયાનાની સહિ છે જે હું ઓળખી બતાવુ છુ જેને પુરાવામા રજુ દાખલ આંક ૦૯ આપવામા આવે છે. આમ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય ચાર્જશીટ કરી નામ. કોર્ટમાં રજુ કરેલ.

આરોપીને જોયેથી ઓળખી છુ. જે આજરોજ નામ. કોર્ટમા હાજર નથી. આરોપીની ઓળખ અંગેની તકરાર બચાવ પક્ષે જતી કરવામા આવેલ છે.

**(૧૦.૧) સદર સાહેદના આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકત જણાવે છે કે,** એ વાત ખરી છે કે મહે. જીલ્લા મેજી. સાહેબશ્રી દવારા રાજકોટ જીલ્લામા લુંટ અને ચોરીના ગુનાઓ અટકાવવા માટે ઝવેલર્સ, શરાફી મંડળી, આંગડિયા પેઢી, પેટ્રોલપંપ, ભંગારના ડેલા વિ. મા સીસીટીવી કેમેરા મુકવા માટે જાહેરનામુ પ્રસીધ્ધ કરેલ હોય તેવુ જાહેરનામુ વીંછીયા ગ્રામ પંચાયતમાં પ્રસીધ્ધ થયેલ જાહેરનામું લગાડવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે ભંગારનો ડેલો હાલના આરોપીની માલિકીનો છે તે દર્શાવતો કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના સ્નવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોય અમોને અમારી ઉપરી અધિકારીની સુચના મુજબ સીસીટીવીને લગતા કેસ બતાવવાના હોય જેથી હાલની ખોટી ફરીયાદને સમર્થન કરવા નામ. કોર્ટમા ખોટુ ચાર્જશીટ કરી સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

**(૧૧)** ઉપરોક્ત ચર્ચા કરેલ સાહેદની જુબાની તથા રેકોર્ડ પરના પુરાવા જોતા હાલના કામે ફરીયાદપક્ષનો એવો કેસ છે કે આરોપીની પોતાના મોમાઇ માં સ્ક્રેપ નામના ભંગારના ડેલામા સી.સી.ટી.વી ન લગાવી જીલ્લા મેજી. સાહેબશ્રી રાજકોટના જાહેરનામાનો ભંગ કરેલ છે.આ કામે ત.ક.અ. પોતાની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, મહે. જીલ્લા મેજી. સાહેબશ્રી દવારા રાજકોટ જીલ્લામા લુંટ અને ચોરીના ગુનાઓ અટકાવવા માટે ઝવેલર્સ, શરાફી મંડળી, આંગડિયા પેઢી, પેટ્રોલપંપ, ભંગારના ડેલા વિ. મા સીસીટીવી કેમેરા મુકવા માટે જાહેરનામુ પ્રસીધ્ધ કરેલ હોય તેવુ જાહેરનામુ વીંછીયા ગ્રામ પંચાયતમાં પ્રસીધ્ધ થયેલ જાહેરનામું લગાડવામાં આવેલ નથી, ભંગારનો

ડેલો હાલના આરોપીની માલિકીનો છે તે દર્શાવતો કોઈ આધાર પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી, હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના સ્નવેદનો લીધેલા નથી. આમલ હાલના કામના ફરીયાદપક્ષ દ્વારા કોઇ જાહેરનામું રજુ કરવામાં આવેલ નથીઈ તેમજ પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી. અને ભંગારનો ડેલો આરોપીની માલીકીનો છે તેવો કોઇ આધાર પુરાવો રજુ કરેલ નથી.જેથી **બી.એન.એસ.ની કલમ– ૨૨૩** મુજબ જાહેર સેવકના હુકમનુ માત્ર પાલન કરવુ નહી તે પુરતુ નથી પરંતુ અપાલનના કારણે પરીણામ પણ આવેલ હોવુ જોઈએ. જેથી જયારે કોઈપણ અડચણ કે હીંસાનો પુરાવો ન હોય તો હાલની કલમમાં સજા થઈ શકે નહી. જેથી ફરીયાદપક્ષ દવારા અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી. જેથી આ કામે તપાસવામા આવેલ મહત્વના સાહેદોનો મૌખિક પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદીપક્ષના કેસ સામે શંકા ફલિત થાય છે અને જ્યારે ઓછામાં ઓછી શંકા ફલિત થાય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ આ એક પ્રસ્થાપિત સિદ્ધાંત છે. જેથી **આંક– ૦૯** માં જણાવેલ ફરીયાદની હકીકતો પુરવાર થતી નથી. જેથી **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૨૩** મુજબ ના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ દ્વારા પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે.

**(૧૫)** વધુમાં ક્રિમિનલ જયુરીસપ્રુડન્સ મુજબ તેમજ ભારતીય સાક્ષીય અધિનિયમની કલમ–૧૦૪ મુજબ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને ફરિયાદપક્ષે તેમની હકીકતો પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપી સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આમ રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવાનુ તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેશષણ કરતા આ કામે ભોગ બનનાર ફરીયાદી છે તેઓની જુબાનીથી આરોપીઓ વિરૂધ્ધનુ કોઇ ગુનાહિત કૃત્ય પુરવાર થતુ નથી આરોપીએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યાની હકીકત પુરવાર થયાનું માની લેવું અતિશ્યોકિતભર્યું તેમજ કાયદાની વિરૂધ્ધનું તેમજ ભારતીય પુરાવા અધિનિયમના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનું ગણાશે તેવું હું નમ્રપણે માનું છું. જેથી આ કામના આરોપી વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–**

**૨૨૩** મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ. આમ, ઉપરોક્ત ચર્ચા કરેલ કારણોસર ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **–ઃ આખરી હુકમ ઃ–**

(૧) આથી આ કામના આરોપી **કિશોરભાઈ આપાભાઈ ચોવસીયા** ઉ.વ.૫૦, રહે.કોટડા જવાના રસ્તા સામે તા.વિંછીયા, જિ.રાજકોટનાઓને **બી.એન.એસ.એસ–૨૦૨૩ની કલમ–૨૭૮(૧)** અન્વયે **ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૮૫** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેછે.

( ૨ ) આ કામના આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ **બી.એન.એસ.એસ–૨૦૨૩ ની કલમ–૪૮૧ ની જોગવાઈ અનુસાર અંકે રૂ.૧૦ ,૦૦૦/–** **(અંકે રૂા. દસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી રકમના જાતમુચરકો આપવા.

(૩) **આરોપી આજરોજ કોર્ટ સમક્ષ હાજર નથી** પરંતુ આરોપીના વિ.વકીલશ્રી દ્વારા હાજરી મુક્તિનો રીપોર્ટ આપેલ છે અને હાલના કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવવામાં આવેલ હોય જેથી ચુકાદો જાહેર કરવામાં વિલંભ ટાળવા સારૂ હાલનો ચુકાદો બી.એન.એસ.એસ ૨૦૨૩ ની કલમ–૩૯૪ અન્વયે આરોપીની ગેર હાજરીમાં જાહેર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ૨૧મી, માહેઃએપ્રીલ, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃ વિંછીયા.**
**તારીખઃ૨૧/૦૪/૨૦૨૬**

**(એસ.એન.મોદી)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ જ્યુડિશિયલ**
**મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**
**વીંછિયા–કોડ નં.જી.જે.૦૧૬૮૨**